# ગ્રામીણ કૃષિ મૌસમ સેવા
# હવામાન આગાહી આધારીત કૃષિસલાહ બુલેટીન
# ઉતર સૌરાષ્ટ્રખેત આબોહવાકીય વિભાગ
## તા.૨૪-૧૦-૨૦૧૫ થી તા.૨૮-૧૦-૨૦૧૫

(ગ્રામીણ કૃષિ મૌસમસેવા, સૂકી ખેતી સંશોધન કેન્દ્ર,જુ.કૃ.યુ.,તરઘડિયા અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

**કૃષિહવામાન બુલેટીન નં. ૬૦/૨૦૧૫**

પાછલા અઠવાડીયાનું રાજકોટનું હવામાન

| હવામાન પરિબળો | |
|---|---|
| વરસાદ(મી.મી.) | 0.0 - 0.0 |
| મહતમ તાપમાન (સે.ગ્રે) | 36.5 – 38.0 |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે) | 21.8 – 24.4 |
| ભેજ(%) સવાર | 83 – 87 |
| ભેજ(%) બપોરબાદ | 34 – 45 |
| પવનની ગતિ (કિમી/કલાક) | 0.89 – 2.72 |

## હવામાન આગાહી: પત્રક-ક

## ઉતર સૌરાષ્ટ્રખેત આબોહવાકીય વિભાગ-હવામાન આગાહી

તા.૨૪-૧૦-૨૦૧૫ થી તા.૨૮-૧૦-૨૦૧૫

## કૃષિ સલાહ:

**સામાન્ય**

- ભારતસરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ,જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, તરઘડીયા તરફથી જણાવવામાં આવે છે કે, ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના

રાજકોટ: જીલ્લામાં આગામી તા.૨૪-૧૦-૨૦૧૫ થી તા.૨૮-૧૦-૨૦૧૫ દરમ્યાન હવામાન સુકું, ગરમ અને અંશત: વાદળછાયું રહેશે અને વરસાદની શક્યતા નથી. પવનની દિશા પશ્ચિમ, ઉત્તર અને અગ્નિની રહેવાની અને પવનની ઝડપ ૧૧ થી ૧૬ કીમી/કલાક રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૭-૩૮ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૨ થી ૨૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.

| તારીખ | દિવસ-૧ | દિવસ-૨ | દિવસ-૩ | દિવસ-૪ | દિવસ-૫ |
|---|---|---|---|---|---|
| પેરામીટર | ૨૪-૧૦-૧૫ | ૨૫-૧૦-૧૫ | ૨૬-૧૦-૧૫ | ૨૭-૧૦-૧૫ | ૨૮-૧૦-૧૫ |
| વરસાદ(મી.મી) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમ તાપમાન (સે.ગ્રે) | 38 | 37 | 37 | 37 | 37 |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે) | 22 | 22 | 24 | 25 | 24 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાદળની સ્થિતિ(ઓકટા) | 1 | 2 | 2 | 1 | 1 |
| મહ્તમ ભેજ (%) સવાર | 47 | 47 | 49 | 44 | 41 |
| લઘુતમ ભેજ (%) બપોરબાદ | 26 | 25 | 29 | 29 | 24 |
| પવનની ગતિ (કિમી/કલાક) | 11 | 13 | 13 | 12 | 16 |
| પવનની દિશા (ડીગ્રી) | 341 | 281 | 291 | 347 | 139 |

જામનગર: જીલ્લામાં આગામી તા.૨૪-૧૦-૨૦૧૫ થી તા.૨૮-૧૦-૨૦૧૫ દરમ્યાન હવામાન સુકું, અંશત: વાદળછાયું રહેશે અને વરસાદની શક્યતા નથી . પવનની દિશા વાયવ્ય અને ઇશાનની રહેવાની અને પવનની ઝડપ ૧૧ થી ૧૬ કીમી/કલાક રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૭-૩૮ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૨ થી ૨૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૨૪-૧૦-૧૫ | દિવસ-૨ ૨૫-૧૦-૧૫ | દિવસ-૩ ૨૬-૧૦-૧૫ | દિવસ-૪ ૨૭-૧૦-૧૫ | દિવસ-૫ ૨૮-૧૦-૧૫ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહ્તમ તાપમાન (સે.ગ્રે) | 38 | 37 | 37 | 37 | 37 |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે) | 22 | 22 | 24 | 25 | 24 |
| વાદળની સ્થિતિ(ઓકટા) | 1 | 2 | 2 | 1 | 1 |
| મહ્તમ ભેજ (%) સવાર | 47 | 47 | 49 | 44 | 41 |
| લઘુતમ ભેજ (%) બપોરબાદ | 26 | 25 | 29 | 29 | 24 |
| પવનની ગતિ (કિમી/કલાક) | 11 | 13 | 13 | 12 | 16 |
| પવનની દિશા (ડીગ્રી) | 341 | 281 | 291 | 347 | 139 |

અમરેલી: જીલ્લામાં આગામી તા.૨૪-૧૦-૨૦૧૫ થી તા.૨૮-૧૦-૨૦૧૫ દરમ્યાન હવામાન સુકું, ગરમ, , અંશત: વાદળછાયું રહેશે અને વરસાદની શક્યતા નથી. પવનની દિશા દક્ષિણ,વાયવ્ય અને પશ્ચિમની રહેવાની અને પવનની ઝડપ ૧૧ થી ૧૪ કીમી/કલાક રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૫-૩૭ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૨ થી ૨૪ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૨૪-૧૦-૧૫ | દિવસ-૨ ૨૫-૧૦-૧૫ | દિવસ-૩ ૨૬-૧૦-૧૫ | દિવસ-૪ ૨૭-૧૦-૧૫ | દિવસ-૫ ૨૮-૧૦-૧૫ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહ્તમ તાપમાન (સે.ગ્રે) | 37 | 36 | 35 | 35 | 36 |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે) | 22 | 22 | 24 | 24 | 23 |
| વાદળની સ્થિતિ(ઓકટા) | 1 | 3 | 2 | 2 | 1 |
| મહ્તમ ભેજ (%) સવાર | 46 | 46 | 49 | 46 | 41 |
| લઘુતમ ભેજ (%) બપોરબાદ | 28 | 27 | 30 | 31 | 27 |
| પવનની ગતિ (કિમી/કલાક) | 11 | 13 | 13 | 12 | 14 |
| પવનની દિશા (ડીગ્રી) | 289 | 302 | 200 | 297 | 201 |

સુરેન્દ્રનગર: જીલ્લામાં આગામી તા.૨૪-૧૦-૨૦૧૫ થી તા.૨૮-૧૦-૨૦૧૫ દરમ્યાન હવામાન સુકું, ગરમ, અંશત: વાદળછાયું રહેશે અને વરસાદની શક્યતા નથી. પવનની દિશા નૈઋત્ય, વાયવ્ય અને પૂર્વ રહેવાની અને

પવનની ઝડપ ૯ થી ૧૮ કીમી/કલાક રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૫-૩૭ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૨ થી ૨૪ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૨૪-૧૦-૧૫ | દિવસ-૨ ૨૫-૧૦-૧૫ | દિવસ-૩ ૨૬-૧૦-૧૫ | દિવસ-૪ ૨૭-૧૦-૧૫ | દિવસ-૫ ૨૮-૧૦-૧૫ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમ તાપમાન (સે.ગ્રે) | 37 | 36 | 35 | 35 | 36 |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે) | 22 | 22 | 24 | 24 | 23 |
| વાદળની સ્થિતિ(ઓકટા) | 0 | 1 | 1 | 1 | 0 |
| મહતમ ભેજ (%) સવાર | 35 | 38 | 42 | 35 | 34 |
| લઘુતમ ભેજ (%) બપોરબાદ | 20 | 17 | 23 | 23 | 18 |
| પવનની ગતિ (કિમી/કલાક) | 11 | 9 | 10 | 12 | 18 |
| પવનની દિશા (ડીગ્રી) | 330 | 316 | 223 | 337 | 81 |

- આગામી તા.૨૪-૧૦-૨૦૧૫ થી તા.૨૮-૧૦-૨૦૧૫ દરમ્યાન હવામાન સુકું, ગરમ, અંશત: વાદળછાયું રહેશે અને વરસાદની શક્યતા નથી.

  આ હવામાન પરિસ્થિતિમાં કપાસ અને શાકભાજી પાકોમાં લીલી પોપટી, સફેદ માખી અને મીલીબગ જેવી જીવાતોનો ઉપદ્રવ વધવાની શક્યતા હોવાથી પાકનું સતત નિરીક્ષણ કરતા રહીને જરૂરીયાત મુજબ પાક સંરક્ષણના પગલા ભરવા.
- તલ, બાજરી અને કઠોળ પાકોની કાપણી થય ગયેલ હોય તો તે જમીનમાં ચણા અથવા રાયડાના પાકનું વાવેતર કરવું.
- કપાસ અને શાકભાજી પાકોને જરૂરિયાત મુજબ ટીપા પધ્ધતિથી પિયત આપવું.

| મુખ્ય પાક | પાક અવસ્થા | રોગ/જીવાત/જાત | કૃષિ સલાહ (૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી ભલામણ કરેલ દવા છાંટવી ) |
|---|---|---|---|
| લસણ | વાવેતર  | ગુજરાત લસણ-૨,૪,૫ અથવા સ્થાનિક જાત | પાયામાં ૨૫ કી.ગ્રા. નાઈટ્રોજન, ૫૦ કી.ગ્રા. ફોસ્ફોરસ, ૫૦ કી.ગ્રા. પોટાશ અને ૨૫૦ કી.ગ્રા. એરંડીનો ખોળ પ્રતિ હેક્ટર મુજબ આપી વાવણી કરવી. |
| ચણા | વાવેતર | ગુજરાત ચણા-૨,૩, | પાયામાં ૨૦ કી.ગ્રા. નાઈટ્રોજન, ૪૦ કી.ગ્રા. ફોસ્ફોરસ, પ્રતિ હેક્ટર મુજબ આપી ચણાની વાવણી કરવી. વાવેતર વખતે ચણાના બીજને ૨૫૦ ગ્રામ રાઈઝોબીયમ કલ્ચરનો પ્રતિ ૧૦ કી.ગ્રા. મુજબ પટ આપવો. |
| રાયડો | વાવેતર | રાય વરુણા અને ગુજરાત -૩ | પાયામાં ૩૦ કી.ગ્રા. નાઈટ્રોજન, ૩૦ કી.ગ્રા. ફોસ્ફોરસ, પ્રતિ હેક્ટર મુજબ આપી રાયડાની વાવણી કરવી. |

| | | | |
|---|---|---|---|
| કપાસ | ચાંપવા બેસવા, ફુલ અને જીંડવા બંધાવા અને વીણી | લીલી પોપટી, સફેદ માખી →<br><br>મીલી બગ→<br><br>ખાતર<br><br>ખાખર/પીળાશ | લીલી પોપટી, સફેદ માખી અને મીલીબગના નિયંત્રણ માટે એસીફેટ ૧૫ ગ્રામ અથવા ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ ટકા ૫ .લી. ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છાંટવી.<br><br>તેમજ બીવેરિયા બેસીઆના ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ/૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને સાંજના સમયે છંટકાવ કરવો.<br><br>કપાસના પાકને યુરીયા અને અમોનિયમ સલ્ફેટ ખાતર ૬૦ કી.ગ્રા./હે. આપવું. તેમજ પિયત આપવું.<br><br>સતત ઊંચા તાપમાનના કારણે કપાસ પીળા પડેલ હોય કપાસના પાકને યુરીયા અને અમોનિયમ સલ્ફેટ ખાતર ૬૦ કી.ગ્રા./હે. આપવું. તેમજ પિયત આપવું. |
| એરંડા | વૃધ્ધિ, ફુલ અને ગડ બંધાવા | લીલી પોપટી, સફેદ માખી → | લીલી પોપટી અને સફેદ માખીના નિયંત્રણ માટે એસીફેટ ૧૫ ગ્રામ અથવા ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ ટકા ૫ .લી. ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છાંટવી. તેમજ પિયત આપવું. |
| ડુંગળી | ધરૂં/પાક કાપણી | પીળી પત્તી, તળાજા લાલ, એગ્રી ફાઉંડ ડાર્ક રેડ, પૂસા સફેદ,<br><br>જાંબલી ધાબા<br> | શિયાળુ ડુંગળી માટે ધરૂં તૈયાર કરવા ૧૦-૧૨ કી.ગ્રા.બીજ/હે. ગાદી ક્યારા બનાવીને વાવેતર કરવું. બીજને કેપ્ટન/થાયરમ દવાનો ૨-૩ ગ્રામ/કી.ગ્રા. પ્રમાણે પટ આપવો.<br><br>ડુંગળીના પાકમાં જાંબલી ધાબાના રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૨૭ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ૨૭ ગ્રામ અથવા ફોઝેટાઈલ ૨૦ ગ્રામના ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા. |
| વેલાવાળા શાકભાજી | ફૂલ અને ફળ | તાલછારો– | મેન્કોઝેબ ૨૭ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ૨૭ ગ્રામ અથવાફોઝેટાઈલ ૨૦ ગ્રામના ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.<br>વહેલું વાવેતર કરેલ શાકભાજી પાકમાં ચુસીયા પ્રકારની જીવાતનો ઉપદ્રવ થવાની શક્યતા છે તેના નિયંત્રણ માટે ડાયમીથોએટ (૪૦%) અથવા મિથાઈલ-ઓ-ડીમોટોન(૨૫%), ૧૦ મીલી દવાનો ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| રીંગણી અને ટમેટી | ફુલ/ફળ | સફેદ માખી | ➤ લીંબોળીનું તેલ ૫૦મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી ૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. જો વધુ ઉપદ્રવ હોય તો એસીટેમાપ્રીડ ૨૦ ટકા ૫ ગ્રામ/૧૦ લીટર પાણીમાં મિશ્ર |

| | | | |
|---|---|---|---|
| | | ડુંખ અને<br>ફળ કોરી ખાનાર ઈયળ<br>→<br><br>કથીરી → | કરી છંટકાવ કરવો.<br>➢ ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો નુકશાન પામેલ ફળ અને ડોકા તોડીને જમીનમાં દાંટી દેવા અને રીનાક્ષીપાયર દવા ૩ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.<br>➢ **રીંગણી અને ટમેટીના પાકમાં પાન કથીરીના નિયંત્રણ માટે પ્રોપરગાઈટ દવા ૧૦ મિલી/૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.** |
| મરચી | ફુલ/ફળ | પાનની કુકડ-થ્રીપ્સ→<br><br>પાનની કુકડ-વાયરસ→<br> | પ્રોફેનોફોસ ૨૦ મી.લી.અને લીંબોળીનું તેલ ૫૦ મીલી અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી ૧૦ લી.પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br><br>વાયરસના કારણે પીળા થઈ કુકડાય ગયેલ છોડ ઉપાડી તેનો જમીનમાં દાટી નાશ કરવો. ત્યાં સફેદ માખીથી ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે હોસ્ટાથીયોન દવા ૨૦ મી.લી./૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. |
| ભીંડા | ફુલ/ફળ | ચુસીયાતથા ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ →<br><br>કથીરી → | તેના નિયંત્રણ માટે એસીટેમાપ્રીડ ૨૦ ટકા ૫ ગ્રામ અને લીંબોળીનું તેલ ૫૦ મીલી અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મિલી /૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. વધુ ઉપદ્રવ હોય તો ટ્રાયાઝોફોસ ૪૦ ટકા ૨૦ મિલી/૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br>ભીંડાના પાકમાં પામ કથીરીના નિયંત્રણ માટે **પ્રોપરગાઈટ દવા ૧૦ મિલી/૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ** કરવો. |
| ગુવાર | વૃધ્ધિ/ફુલ/શીંગ | થ્રીપ્સ,સફેદ માખી | લીંબોળીનો અર્ક ૫૦૦ મીલી અથવા લીંબોળીનું તેલ ૫૦ મીલીનો છંટકાવ ૧૫ દિવસના અંતરે ચાર વખત કરવો.વધુ ઉપદ્રવ હોય તો ટ્રાયઝોફોસ ૪૦ ટકા ૨૦ મિલી /૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. |
| લીંબુ | - | બદામી ટપકા<br>પાનકોરીયું | કોપરઓક્ઝીક્લોરાઈડ ૪૦ ગ્રામ અને ૧.૫ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયકલીનના બે છંટકાવ ૧૫ દિવસના ગાળે કરવા ડીડીવીપી ૧૦ મી.લી. ૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છાંટવી. |

| | |
|---|---|
| પશુ/મરઘા  | પ્રજીવથી થતા રોગોની ચકાસણી કરાવવી. ઈતરડીનાનિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટ્રાઝ ૨ મી.લી. ૧ લીટર પાણીમાં નાખીને છાંટવી. વિટામીન એ તથા ડી પુરકો આપવા. કરમિયાની દવા આપવી તથા ઉછરતા પશુઓમાં બૃસેલ્લા કાફ્વુંડનું રસીકરણ કરાવવું. તાપ અને ગરમ હવમાનમાં પશુઓને છાયડામાં હવા ઉજાસવાળી જગ્યાએ રાખવા. તેમજ માખીઓના ઉપદ્રવથી બચવા ફીનાઈલ છાંટવું. |

જા.નં.જુકૃયુ/સંવૈ(સુખે)/એગ્રોમેટ/બુલેટીન/ /૨૦૧૫
તરઘડિયા(રાજકોટ),તારીખ: ૨૩/૧૦/૨૦૧૫.

પ્રતિ,
તંત્રીશ્રી/ડાયરેકટરશ્રી,
રાજકોટ,

ઉપરોક્ત માહિતી આપના દૈનિક સમાચાર પત્રોમાં, રેડીયોમાં ગામના ચોરાના કાર્યક્રમમાં તથા ટીવીના ગ્રામ્ય કાર્યક્રમમાં વિનામૂલ્યે પ્રસિધ્ધ કરાવવા નમ્ર વિંનતી છે. સહકારની અપેક્ષા સહ આભાર.

સંશોધન વૈજ્ઞાનિક (સુકી ખેતી)
જુનાગઢ કૃષિ યુનિવર્સીટી
તરઘડીયા